# સે. ૨૩માં વાંદરાની તરાપે બાઈકચાલકનો ભોગ લીધો

## ગંભીર રીતે ઘવાયેલા બાઈકચાલકનું સારવાર દરમ્યાન મૃત્યુ : સે. ૨૩ ચર્ચ નજીક બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૧૧

રાજયના પાટનગર ગાંધીનગરમાં કપિરાજાનો ત્રાસ દિનપ્રતિદિન વધતો જઈ રહ્યો છે. આમ તેમ કુદકા લગાવીને વાહનો તોડવાના સંખ્યાબંધ કિસ્સાઓ નજર સમક્ષ બનેલા છે ત્યારે આજે સે. ૨૩ ખાતે ચર્ચ સામેના રોડ પરથી પસાર થઈ રહેલા બાઈકચાલક પર આકસ્મીક ઝાડ પરથી બાઈક પર તરાપ મારીને યુવાનનો ભોગ લીધો છે. ગંભીર રીતે ઘવાયેલા બાઈકચાલક યુવાનનું બપોરે સારવાર દરમ્યાન પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૨૮ બ્લોક નં. ૩૭૩/એ/૧ માં રહેતા કાંતીભાઈ કેશવભાઈ નાયી આજે બપોરના અરસામાં સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરથી ચર્ચ જવાના માર્ગ પર બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન ચર્ચ નજીક બાઈક લઈને પહોંચ્યા ત્યારે રસ્તાની બાજુના ઝાડ પરથી વાંદરાએ બાઈકચાલક પર તરાપ મારી દેતા બાઈક સાથે કાંતીભાઈ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જો કે તબિયત નાજુક જણાતા ત્યાંથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત યુવાનને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.



(તસવીર: કશ્યપ નિમાવત)

ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે મુકવામાં આવેલ એલ.સી.ડી. (ટીવી)થી ત્યાંના કર્મચારી વર્ગની ફરીયાદો એવી છે કે જ્યારથી આ એલ.સી.ડી.ની સુવિધા કરવામાં આવી છે ત્યારથી રખડતાં, ભટકતાં લોકો ખોટો સમય પસાર કરવા અહીં અડ્ડો જમાવીની બેસી રહે છે. ઉપરાંત યાત્રીઓ, મુસાફરો ટી.વી. જોવામાં મશગુલ થઈ જાય ત્યારે ગઠિયાઓને તેમનો સામાન ઉપાડી જવાની તક સરસ મળી જાય છે અને મુસાફરો ટી.વી. જોવામાંને જોવામાં બસ ક્યારે આવે છે ને જતી રહે છે તે ખબર રહેતી નથી અને પછી એસ.ટી. સ્ટાફ જોડે માથાકૂટ કરે છે, બસ કેમ આવી નથી ? માઈકમાં બસ આવાયની જાણ કેમ નથી કરતા ? સૌથી અગત્યની વાત તો એ છે કે આ એલ.સી.ડી. ટી.વી. અવાર-નવાર બંધ થઈ જાય છે અને વારંવાર રીપેરીંગનાં ખર્ચાઓ આવ્યા કરે છે. ટૂંકમાં કર્મચારીઓનાં કહેવા પ્રમાણે મુસાફરોને સુવિધા આપવામાં તેઓની અગવડતા વધી ગઈ છે.

# સગીર વયની ઘરઘાટીને મકાન માલિકે ગર્ભવતી બનાવી દીધી...!

## કિશોરીની ફરિયાદને આધારે બળાત્કારનો ગુનો દાખલ આરોપી એપોલોમાં ઓપરેટર તરીકે ફરજ બજાવે છે...!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર નજીક આવેલા ભાટ ગામમાં ઘ્રુણાસ્પદ ઘટના બહાર આવવા પામી છે. પોતાના મકાનમાં કચરા-પોતા નું કામ કરવા આવતી ૧૭ વર્ષની કિશોરીને મકાનમાલિકે ગર્ભવતી બનાવી મુકી છે. સાત મહિના પહેલા માલિકે બળાત્કાર ગુજાર્યો હોવાની ભોગ બનનાર કિશોરીની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો નોંધીનેઆરોપી માલિકની ધકપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. આરોપી એપોલો હોસ્પિટલ ખાતે ઓપરેટર તરીકે ફરજ બજાવતો હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસેના ભાટ ગામમાં ભાડાના મકાનમાં રહેતા અને એપોલો હોસ્પિટલમાં ઓપરેટર તરીકે નોકરી કરતા સાધુ અલખાભાઈ સામાલને ત્યાં કચરા પોતાનું કામ કરવા માટે ઘરઘાટી તરીકે ૧૭ વર્ષની કિશોરી જતી હતી. સાત મહિના પહેલા કિશોરીએ નોકરી છોડી દીધી હતી હવે નોકરી છોડવાનું કારણ બહાર આવવા પામ્યું છે. કિશોરી ત્યારથી જ ગભરાયેલી રહેતી હતી હાલ તે ગર્ભવતી બની ગયેલી છે. સાત મહિના પહેલા માલિકે ઘરઘાટી કિશોરી પર નજર બગાડીને બળાત્કાર ગુજાર્યો હોવાનું બહાર આવવા પામ્યું છે. કિશોરીએ આ બનાવ સંદર્ભે અડાલજ પોલીસ મથકે ફરિયાદ આપતા પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટે સાધુ વિરુધ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. કિશોરીને છ માસનો ગર્ભ હોવાનું જાણવા મળ્યું છે.

# બોરીજ ગામમાં ગંદકીથી ગ્રામજનો પરેશાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાં આવેલા માર્ગો ગંદકીથી ખદબદે છે. વરસાદી પાણીના કારણે જ્યાં જુઓ ત્યાં કાદવ-કીચડ નજરે પડે છે. ગંદકી અને કાદવના કારણે ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

મંત્રી નિવાસથી થોડેક દૂર આવેલું બોરીજ ગામના લોકો ગંદકી અને કાદવ-કીચડથી કંટાળી ગયા છે. ગામમાં જવાના દરેક માર્ગો પર અશહ્ય ગંદકીને લીધે ગ્રામજનોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. બોરીજ ગામમાં ગંદકી તો હતી જ પરંતુ વરસાદી પાણીના કારણે વધુ કાદવ કીચડ થતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

ગામના લોકો શહેરમાં નોકરી-ધંધા અર્થે જતાં હોવાથી રાત્રે ઘરે પાછા ફરતી વખતે અંધારામાં કાદવ-કીચડના કારણે લોકોના વાહન ફસાઈ જાય છે અને ટુ વ્હીલર સ્લીપ થઈ જતા લોકોને નાની મોટી ઈજાઓ પણ પહોંચી છે. અસહ્ય ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ વધવાથી લોકોના આરોગ્ય સામે પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે. સ્કૂલે જતા નાના બાળકોને પણ ફરજીયાત આ ગંદકીવાળા માર્ગો પરથી પસાર થવું પડે છે. ચોમાસાની ઋતુમાં બોરીજ ગામ જાણે ગંદકીમાં ફેરવાઈ ગયુ છે. તંત્ર દ્વારા યોગ્ય સાફ સફાઈ કરી ગંદકી હટાવવામાં આવે તેમજ વરસાદી પાણીનો પણ યોગ્ય નિકાલ કરવામાં આવે તેમ ગ્રામજનોની લાગણી અને માંગણી છે.

# આપત્તિ વ્યવસ્થાપન તંત્રનો વ્યાપ વધારવા જાગ્રત પરિષદની રજૂઆત

ગાંધીનગર, તા.૧૧

જાગ્રત નાગરિક પરિષદના પદાધિકારીઓની તાજેતરમાં બેઠક મળી હતી. બેઠકમાં ઉત્તરાખંડના કુદરતી પ્રકોપ અંગે ચર્ચા વિચારણા થઈ હતી. કુદરતી આપ્તતી વ્યવસ્થાપન સંદર્ભે જાગૃતિ અને તાલીમના કાર્યક્રમો યોજવાની આવશ્યકતા પર ભાર મૂકી લોકોને આ બાબતે માહિતી મળી રહે તે પ્રમાણે વ્યવસ્થાપન તંત્રનો વ્યાપ વિસ્તારવા જણાવ્યું છે.

ઉત્તરાખંડની હોનારતે આપત્તિ વ્યવસ્થાપન અંગે સમગ્ર દેશને જાગ્રત કરેલ છેઆ સંદર્ભમાંગુજરાતમાંસરકાર જાગૃત છે અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર ગોઠવાયેલું છે. ધરતીકંપ, પૂર, અતિવૃષ્ટિ, યુદ્ધ, ગેસ ગળતર, કારખાનાઓમાં અકસ્માત અને આગ વગેરે જેવી આપત્તિઓને પહોંચી વળવા ગુજરાતના આપત્તિ વ્યવસ્થાપન તંત્રનો વ્યાપ વિસ્તારીને જિલ્લા કક્ષા સુધી લઈ જઈ સુદૃઢ કરવાની આવશ્યકતા છે, આપત્તિના સમયે લોકો ગભરાયા વિના તેનો સામનો કરી શકે તે માટેની જાગૃતિ અને તાલીમના કાર્યક્રમો યોજવાની પણ આવશ્યકતા છે.

ગુજરાતમાં કેમીકલ ઈન્ડસ્ટ્રીઝનો ભારે વિકાસ થયો છે. આ ઉદ્યોગ જોખમી ઉદ્યોગ છે અને અકસ્માતોની સંભાવનાઓ રહે છે તેથી આવા ઉદ્યોગોની ચકાસણીનું તંત્ર સુદૃઢ કરવા તમામ પગલાં લેવાવા જોઈએ. ઉદ્યોગોમાં કામદારોની સુરક્ષા માટે તેને નિયમિત રીતે તાલીમ અપાય તે જરુરી છે. આ બાબતે પાયાથી શિક્ષણ અપાય તે જરુરી છે. તે માટે શાળા કક્ષાએ જરુરી અભ્યાસક્રમ યોજવા પર પણ ભાર મૂકયો છે.

# નગરના પર્યાવરણને બગાડતો પ્લાસ્ટિકનો નિયમિત વપરાશ

## દુકાનદારો અને વેપારીઓ દ્વારા પ્લાસ્ટિકના વપરાશના કડક અમલનો ભંગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના દુકાનો અને શાક માર્કેટમાં પ્લાસ્ટિકની થેલીઓ અને કોથળાઓનો બિન અધિકૃત રીતે વપરાશ થઈ રહ્યો છે. શહેર જાગ્રત નાગરિક પરિષદના સભ્યોએ ગાંધીનગરનો પ્લાસ્ટિક વેસ્ટ મુકત કરવા અભિયાન શરૂ કરવા અને તંત્રને પ્લાસ્ટિકનો વપરાશ રોકવા કડક પગલા લેવા જણાવ્યું છે.

નગરની દુકાનો અને શાક માર્કેટમાં પ્લાસ્ટિકની બારીક થેલીઓના વપરાશ પર પાબંદી હોવા છતાં તેનો અમલ થઈ રહ્યો નથી. પર્યાવરણને નુકસાન કરતું પ્લાસ્ટિક ગાય અને અન્ય ઢોરોના સ્વાસ્થ્યને પણ નુકસાન કર્તા સાબિત થયું છે. પશુઓ પ્લાસ્ટિકની થેલીઓમાં રહેલો કચરો-રાંધેલું અનાજ, શાક કે પછી એંઠવાડ પ્લાસ્ટિક સાથે ચાવી જાય છે અને પેટમાં ઉતારી દે છે. આ સ્થિતિએ પશુઓનું આરોગ્ય કથળે છે. જમીનમાં પ્લાસ્ટિક રહેતા પર્યાવરણ પણ બગડે છે. સેકટર-૨૧ શાક માર્કેટની શાકની દુકાનોનું પ્રત્યેક સપ્તાહે ચેકીંગ કરીને પ્લાસ્ટિક થેલીઓ જપ્ત કરવામાં આવે અને દુકાનદારોને દંડ કરવામાં આવે તે જરુરી છે. મોટા ભાગે શાકભાજીની હરાજી સમયે ખેડૂતો, દુકાનદારો પ્લાસ્ટિકના મોટા કોથળાઓમાં શાકભાજી ભરે છે. હરાજીના સમયે અને સ્થળે કડક ચેકીંગ નિયમિત બનાવવું જોઈએ. અગાઉ શણના થેલાઓનો ઉપયોગ થતો હતો તે પુનઃ શરુ કરવો જોઈએ.

# હજ સમિતિએ પસંદગી પાત્ર યાત્રિકોને બીજા હપ્તાની રકમ ભરવા કરેલુ સૂચન

## પ્રથમ હપ્તાની રકમ ન ભરનારે ૧૩મી સુધી અચૂક ભરવી અન્યથા પસંદગી રદ થશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય હજ સમિતિના સચિવ આઈ.એમ. કુરેશીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, હજ ૨૦૧૩ માટે ગુજરાત રાજ્ય હજ સમિતિ મારફતે જે અરજદારે અરજી કરી હોય અને પસંદગી પામ્યા હોય તેવા હજ યાત્રિકોની બીજા હપ્તાની રકમ ભરવા સૂચન કર્યું છે.

હજ-૨૦૧૩ માટે અરજી કરેલ ઉમેદવારમાં જેની પસંદગી થઈ હોય તેવા યાત્રિકોએ તેમની બાકી રહેતી બીજા હપ્તાની રકમ ૧,૦૨,૫૫૦(ગ્રીન) અને ૭૨,૫૦૦ (એઝીઝીયા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કોઈ પણ શાખામાં પે ઈન સ્લીપ દ્વારા ૨૭મી જુલાઈ સુધીમાં ભરી દેવી. પે ઈન સ્લીપની અસલ કોપી હજ સમિતિ ઓફ ઈન્ડિયા, મુંબઈને બારોબાર મોકલવી તેમજ તેની ઝેરોક્ષ મોકલવી તેમજ તેની ઝેરોક્ષ કોપી ગુજરાત રાજ્ય હજ સમિતિ ગાંધીનગરને મોકલી આપવા જણાવાયું છે.

જે હજ યાત્રિકોએ પ્રથમ હપ્તાની રકમ ભરી ન હોય તેઓએ ૧૩મી જુલાઈ સુધીમાં રકમ અચૂક ભરી દેવી અન્યથા તેમની પસંદગી આપોઆપ રદ થશે એમ સચિવ દ્વારા જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો www.haj committee.com પરથી મળી શકશે.



ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નગર રચના યોજના નંબર- ૧૩ (વાવોલ) ખાતે નિર્મિત સ્વામી વિવેકાનંદ બજાર ખાતેની દુકાનોની ફાળવણી આજે અષાઢી બીજના પવિત્ર દિને ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારના હસ્તે કરવામાં આવી હતી.દુકાનોની ફાળવણી કરવાનો કાર્યક્રમ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કચેરી, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧ ખાતે યોજાયો હતો. ગાંધીનગર શહેરી વિકાસ મંડળ દ્વારા નગર રચના યોજના નંબર-૧૩ (વાવોલ) ખાતે વિવિધ હેતુઓને સાંકળી સામાન્યજનને ઉપયોગી થાય તેવા તમામ -કારના વ્યવસાયનું સંકલન કરી ૨૮ દુકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે અષાઢી બીજના પવિત્ર દિને વિવિધ એજન્સીઓને દુકાનોની ફાળવણી કરીને ચાવી સુ-ત કરવા માટે એક -તિકાત્મક કાર્યક્રમ ગુડાની કચેરી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારના હસ્તે સાત એજન્સીઓને દુકાનની ચાવી સુ-ત કરવામાં આવી હતી. જેમાં ખાદી ગ્રામોદ્યોગ, મહિલા સંસ્થા સંચાલિત ગૃહ ઉદ્યોગ, સિઝનલ ચીજ વસ્તુઓ, લોન્ડ્રી (ધોબીકામની દુકાન), રેડીમેઈડ કપડાની દુકાન, બ્યુટી પાર્લર અને મેડીકલ ડિસ્પેન્સરી જેવી દુકાનની ચાવી સુ-ત કરાઈ હતી.

# કેદારનાથના યાત્રિકોનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ના પંચમુખી મહાદેવ મંદિર ખાતે તાજેતરમાં આપત્તિગ્રસ્ત કેદારનાથની મુશ્કેલ યાત્રાએથી હેમખેમ પરત ફરેલા યાત્રાળુઓના સ્વાગત અને અભિવાદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાધાકૃષ્ણ મંડળ સેક્ટર-૫ની બહેનો દ્વારા યાત્રાળુઓનો ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન ચોકસી, સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન દવે, મીનાબેન, સ્વાતિબા રાઓલ, કોર્પોરેટર શ્રીમતી પરાગીબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોના હસ્તે યાત્રાળુઓને તેમણે વેઠેલી યાતનામાંથી ઉગરીને પ્રાપ્ત થયેલા ઈશ્વર આશિર્વાદના પ્રતીકરૂપે બાજોઠ અર્પણ કર્યા હતા. યાત્રાળુ કસ્તુરીબેન અને તેમની સાથેના અન્ય છ સાત વ્યક્તિઓએ પોતાની આપવીતી જણાવતાં ભારતીય લશ્કરના સૈનિકોને મનભરી બિરદાવતાં કહ્યું હતું કે સગો દીકરો પોતાના માતા-પિતાની સેવા ન કરે તેટલી સેવા આ સૈનિકોએ અમારી કરી હતી. ઉબડ ખાબડ પર્વતીય વિસ્તારોમાંથી દુર્ગમ પરિસ્થિતિમાં અને ભૂખ્યા પેટે પગપાળા કરેલી વેઠેલી યાતનાનું વર્ણન કરતા કરતાં બહેનો રડી પડી હતી. તેમની વિતક કથા સાંભળીને ઉપસ્થિત સૌ બહેનોની આંખો પણ રડી ઉઠી હતી. મંડળના પ્રમુખ શ્રીમતી નીરૂબેન નાયકે પણ ગદગદીત કંઠે યાત્રાળુ બહેનોને હેમખેમ રાખવા બદલ ઈશ્વરનો આભાર માનતા બહેનોને શુભકામનાઓ પાઠવી હતી.

ભગવાનના ભજન અને આરતી પછી પ્રસાદ વહેંચીનો યાત્રાળુઓના ક્ષેમકુશળ બદલ ભગવાનનો આભાર મંડળની બહેનો દ્વારા પ્રગટ કરવામાં આવ્યો હતો.

# ગાંધીનગર શહેરમાં બારકોડેડ રેશનકાર્ડ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરી વિસ્તારના સેકટર-૧ થી ૩૦, જી.ઈ.બી, બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા, તથા ધોળાકુવાના બાર કોડેડ રેશનકાર્ડ આપવાની -ક્રિયા ચાલું છે. આ વિસ્તારના બારકોડેડ રેશનકાર્ડ ઝોનલ કચેરી, ચોથો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી કાઢી આપવામાં આવે છે.

બારકોડેડ રેશનકાર્ડ મેળવવા રેશનકાર્ડ ધારકોએ જુનું રેશનકાર્ડ જમા કરાવવાનું રેહશે. તેમજ ફોર્મ ભર્યાની પાવતી, ઘરના એક મુખ્ય વ્યક્તિનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, લાઈટ બિલ, ગેસ બિલ, તથા ચૂંટણી ઓળખકાર્ડ પણ સાથે લાવવાનું રેહશે. રેશનકાર્ડમાં નામ હોય અને ૧૫ વર્ષથી ઉપરના વ્યકિતએ પોતાના બાયોમેટ્રીક ઈમ્-શન (અંગુઠા અને આંગળીની છાપ) આપવા ઉપસ્થિત રહેવું પડશે. રેશનકાર્ડ ઝોનલ કચેરીમાંથી કચેરી સમય દરમ્યાન રેશનકાર્ડ મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી શ્રી સંજયભાઈ જોષીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૮૧ ટકા

વરસાદ ૦.૫ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

પૅસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦

ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦

: સ્ક્રીન-૨ :

લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦

પોલીસગીરી : ૧.૦૦

રાંઝણાઃ ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

પોલીસગીરીઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

### ચિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માન વધશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. વિરોધી હેરાન કરી શકે છે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રે સફળતા પ્રાપ્તિનો યોગ. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધાર્મિક આયોજનમાં ભાગ લેશો. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. વ્યાવસાયિક યોજનાઓ સફળ થઈ શકે છે. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ.ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરો. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સામાજિક આયોજનોમાં ભાગીદારી રહેશે. નોકરીમાં જવાબદારી અનુરૂપ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : પ્રયત્નોમાં સફળતા મળશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધારની રાખવી. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

● સ્વ. જયંતિલાલ મોહનલાલ મોદી (ઉ.વ.૭૬) પ્લોટ નં. ૨૬૫/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેકટર-૨૫, ગાંધીનગર.